# શ્વાસનળીનો સોજો

*આ સલાહ પત્રક તમારે ક્યારે ચિંતા કરવી જોઈએ અને ક્યાંથી મદદ મેળવવી તે અંગેની માહિતી આપે છે.*

| લાલ | જો તમારું બાળક નીચેની બાબતોમાંથી કોઈ પણ ધરાવતું હોય: | તમારે તાત્કાલિક મદદની જરૂર છે. |
|---|---|---|
| | • હોઠ ભૂરા હોય<br>• તેમનો શ્વાસ અટકતો હોય (એપ્નિયા) અથવા **શ્વાસ અનિયમિત રીતે લેતા હોય** અથવા અસ્પષ્ટ **અવાજ કાઢવાનો શરૂ કરે**<br>• તેઓ શ્વાસ અંદર લેતા હોય ત્યારે **શ્વાસ લેવાનો કર્કશ અવાજ** (તિણો સિસોટી જેવો) જે હંમેશા રહેતો હોય (તેઓ અશાંત ન હોય ત્યારે પણ)<br>• વાત કરવા / ખાવા કે પીવા માટે વધુ પડતો હાંફ ચઢવો<br>• ફિક્કા પડી જાય, ધબ્બા પડી જાય અને અડવાથી અસાધારણ રીતે ઠંડા લાગે<br>• અતિશય ઉશ્કેરાઈ જાય (ધ્યાન બીજે દોરવા છતાં આશ્વાસન ન આપી શકાય તે રીતે રડે), ગૂંચવાઈ જાય અથવા ખૂબ સુસ્ત બની જાય (જગાડવા મુશ્કેલ બની જાય)<br>• એવી ફોલ્લીઓ થાય કે જે દબાવવાથી દૂર ન થાય (‘**ગ્લાસ ટેસ્ટ**’) | સૌથી નજીકના હોસ્પિટલ **ઈમરજન્સી (A&E) ડિપાર્ટમેન્ટ** પર જાવ અથવા 999 પર ફોન કરો |



© Institute of Health Visiting 2022

પીળો

**જો તમારું બાળક નીચેની વિશેષતાઓમાંથી કોઇ પણ ધરાવતું હોય:**

- શ્વાસ લેવામાં મુશ્કેલી પડતી હોય/ઝડપી શ્વાસ લેતા હોય અથવા શ્વાસ લેવામાં મહેનત પડતી હોય – તેમની પાંસળીની નીચેના ભાગના સ્નાયુઓ, તેમની ગરદન પર અથવા તેમની પાંસળીઓની વચ્ચે, અંદર લેતા હોય (**પાછા ખેંચવા**).
- તેઓ શ્વાસ અંદર લેતા હોય ત્યારે **શ્વાસ લેવાનો કર્કશ અવાજ** (તિણો સિસોટી જેવો) આવવો

  તેઓ અશાંત હોય માત્ર ત્યારે જ હોય.
- શરીરમાં પાણી ઓછું થઇ જતું લાગે (આંખો ઊંડી ઉતરી જવી, સુસ્ત હોવું અથવા 12 કલાક સુધી પેશાબ ન જવું)
- ઘેન (વધુ પડતી ઊંઘ આવવી) માં અથવા ચીડિયા (તેમને રમકડાંથી, ટીવીથી, ખાવાનું આપીને કે તેડીને શાંત ન પાડી શકાતા હોય) રહેતા હોય – ખાસ કરીને તેમનો તાવ ઓછો થઇ જવા છતાં તેઓ ઘેનમાં કે ચીડિયા રહેતા હોય
- અતિશય ધ્રુજારી આવતી હોય અથવા સ્નાયુમાં દુખાવાની ફરિયાદ હોય
- 39° સે / 102.2° ફે અથવા તેથી વધુ તાપમાન હોવાની સાથે 3-6 મહિનાની ઉંમરના હોય (પરંતુ તેઓ રસીકરણ મેળવે પછી 2 દિવસ સુધી બાળકોમાં તાવ આવવો સામાન્ય છે)
- 5 થી વધુ દિવસ સુધી 38.0° સે અથવા તેનાથી વધુ તાવ આવવાનો ચાલુ રહે
- સ્થિતિ વધુ બગડતી જાય અથવા જો તમને ચિંતા થતી હોય

**તમારે આજે જ ડૉક્ટર અથવા નર્સનો સંપર્ક કરવાની જરૂર છે..**

કૃપા કરીને તમારા GP સર્જરીને ફોન કરો અથવા NHS 111 પર કૉલ કરો

– 111 ડાયલ કરો

અમે જાણીએ છીએ કે વર્તમાન કોવિડ-19 ની કટોકટી દરમિયાન પરાકાષ્ઠાના સમયે સ્વાસ્થ્ય સંભાળ વ્યવસાયિકને મળવામાં વાર લાગી શકે છે. જો લક્ષણો 4 કલાક કે તેથી વધુ સમય સુધી ચાલુ રહે અને તમે

તમારા GP પ્રેક્ટિસના સ્ટાફના સભ્ય કે NHS 111 સ્ટાફ સાથે વાત ન કરી શક્યા હો, તો ફરીથી તપાસ કરો કે તમારા બાળકે લાલ વિશેષતાઓ ન વિકસાવી હોય.

Healthier Together
Improving the health of children and young people

Institute of Health Visiting
Excellence in Practice


© Institute of Health Visiting 2022

લીલું

**જો ઉપરની વિશેષતાઓમાંથી કોઈ પણ ન હોય**

નવજાત બાળકના રડવા વિશે અને કઇ રીતે સામનો કરવો તે અંગે વધારાની માહિતી ઉપલબ્ધ છે

– **અહીં ક્લિક કરો**

**સ્વ-સંભાળ**

તમારા બાળકની ઘર પર સંભાળ લેવાનું ચાલુ રાખો. જો તમને હજુ પણ તમારા બાળક વિશે ચિંતા હોય તો NHS 111 પર કૉલ કરો – 111 ડાયલ કરો

જો તમારું બાળક **કોવિડ-19 હોવાનું સૂચવતા કોઈ પણ લક્ષણો ધરાવતું હોય**; (ઊંચું તાપમાન; નવી સતત ઉધરસ – ખૂબ ઉધરસ આવવી, એક કલાકથી વધુ અથવા 24 કલાકમાં 3 કે તેથી વધુ ઉધરસની ઘટનાઓ; અથવા સ્વાદ/ ગંધ જતા રહેવા) તો **NHS ટેસ્ટીંગ વેબસાઈટ** અથવા 119 પર કૉલ કરીને તમારા બાળકનું પરીક્ષણ કરાવવા માટેની વ્યવસ્થા કરો.

Translated by: Newham Language Shop
Peer reviewed date:
Request:


© Institute of Health Visiting 2022